વર્ષ : ૧૨ ■ માસિક અંક : ૧૨ ■ ડિસેમ્બર ૨૦૧૮ ■ ₹ ૧૦-૦૦

# ચિન્મય પ્રમા

PUBLISHED AND POSTED ON 10th OF EVERY MONTH

तज्ज्ञानं प्रशमकरं यद् इन्द्रियाणाम् ।

| ક્રમ | વિષય સૂચી | | પૃષ્ટ |
|---|---|---|---|
| ૦૧. | સંપાદકીય | આનંદ પાઠક | ૦૪ |
| ૦૨. | પૂણ્યધામ પરમધામ | સ્વામી અવ્યયાનંદ સરસ્વતી | ૦૬ |
| ૦૩. | જીવનનું લક્ષ્ય અને સન્યાસ આશ્રમ | સ્વામી તપોવન મહારાજ | ૧૦ |
| ૦૪. | વાસના ત્યાગની વિધિ | સ્વામી ચિન્મયાનંદ સરસ્વતી | ૧૩ |
| ૦૫. | આત્મ જીજ્ઞાસા | સ્વામી તેજોમયાનંદ સરસ્વતી | ૧૬ |
| ૦૬. | શ્રી સ્વામી તપોવનમ્ | સ્વામી શિવાનંદ સરસ્વતી | ૧૯ |
| ૦૭. | પ્રબોધિની એકાદશીએ ઊજવાયો તુલસીવિવાહનો મંગલ ઉત્સવ | | ૨૪ |
| ૦૮. | ચિન્મય મિશનને ઈન્ટરનેશનલ શાંતિ એવોર્ડ | | ૨૬ |
| ૦૯. | ધ સાયન્સ ઓફ લવ : સ્વામી સ્વરૂપાનંદજી અમદાવાદમાં | | ૨૭ |
| ૧૦. | ગુરુકૃપાની હોમડિલીવરી | | ૨૮ |
| ૧૧. | શ્રદ્ધાંજલી | | ૨૯ |
| ૧૨. | ચિન્મય પ્રમાના વ્હાલા વાચકો જોગ | | ૩૦ |
| ૧૩. | ચિન્મય વાણી | | ૩૧ |
| ૧૪. | સ્વામીજીઓનો પ્રવાસ કાર્યક્રમ | | ૩૨ |
| ૧૫. | ગુરુમહિમા | | ૩૩ |
| ૧૬. | આગામી કાર્યક્રમો | | ૩૪ |

સંપાદક : આનંદ પાઠક
પરામર્શક : માનસી પરીખ, આશુતોષ ભટ્ટ

તંત્રી : સ્વામી અવ્યયાનંદ સરસ્વતી, અમદાવાદ ચિન્મય મિશન
વતી યોગેશ એ. ટાંક દ્વારા મુદ્રિત અને પ્રકાશિત કરવામાં આવ્યું.

# ચિન્મય પ્રમા

સર્જન થયું પ્રમાનું, શું આનંદમય અલૌકિક!
શાશ્વત સુવાસ પ્રગટી, રહેશે અનંત વૈદિક.

'ચિન્મય પ્રમા' માસિકનો આ છેલ્લો અંક છે. સ્વામી ચિન્મયાનંદજીના નામ પરથી 'ચિન્મય' સમજાય પણ 'પ્રમા' શબ્દનો અર્થ ઘણાને પરિચિત ન હોય. 'પ્રમા' એટલે માપવું, પ્રમાણવું, રચવું, સાબિત કરવું, ગોઠવવું, જાણવું, સમજવું અથવા અટકળ કરવી.

ચિન્મય એટલે જ્ઞાનમય, પ્રકાશમય. મારી ઓફીસ ઈસરો, પરમધામ ચિન્મય મિશનની બીલકુલ સામે. મને નાનપણથી ચિન્મય યુવાકેન્દ્રના સેક્રેટરીથી માંડીને ચિન્મય સેતુકારી સુધી દરેક રૂપમાં સતત ગુરુદેવના આશીર્વાદ મળતા રહ્યા છે. ગુરુદેવ ચિન્મયાનંદજીના મારી ઉપર, મારા પરિવાર ઉપર ઉન્-ઋણ ઉપકારો છે. મદ્રાસના ચીક્ વૈશાલી સાથેના મારા લગ્નમાં વેદાંત પ્રણવ સન્યાસી ગુરુદેવે મારા કુટુંબના મુરબ્બી વડીલની સાંસારિક ભૂમિકા ભજવી. જે તેમની સમભાવક દ્વૈત-અદ્વૈત દશાનું સહજ આચરણ છે. મારી પ્રથમ મુલાકાતમાં, જ્યારે હું ગુરુદેવ સાથે યજ્ઞના ઉદ્‌ઘાટક ગુજરાતના ગવર્નર શ્રી ત્રિવેદીને સત્કારવા યુવાકેન્દ્ર સેક્રેટરી તરીકે ઉભો રહીને મુંઝાતો હતો ત્યારે ગુરુદેવે કહેલું, ''શું કામ ગભરાવ છો! આવનાર ત્રિ-વેદી (તો ત્રણ વેદોના જાણકાર) છે, જ્યારે ચતુર્વેદી (હું) તો તારી સામે ઊભો છે!''

પ્રમાની આ યાત્રા કોઈ એક વ્યક્તિથી થઈ જ ન શકે. પ્રમાને ત્રીસ વર્ષ અને ચિન્મય પ્રમાને બાર વર્ષ પૂરા થયા. આ માસિક જ્ઞાનયજ્ઞ આટલા વર્ષો ચાલ્યો અને જ્ઞાનનું ભાથુ વાચકો સુધી નિરંતર પહોંચ્યું. શબ્દદેહે ગુરુદેવ, ગુરુજી, આચાર્યજીની વાણી કેટલાય ઘર સુધી પહોંચી. આ કાર્યમાં મદદ કરનાર, પ્રેરણા આપનાર સ્વામી અવ્યયાનંદજી,

ॐ

શ્રી દ્વારકાદાસ ભટ્ટ, શ્રી ભલગામાજી, સ્વ. શકુંતલાબેન દેસાઈ, શ્રીમતી પૂર્ણિમાબેન શેલત, શ્રીમતી વિનીતાબેન મહેતા, સ્વ. મોહનભાઈ પટેલ, શ્રી યોગેશભાઈ ટાંક, શ્રીમતી યશુબેન હિરાણી, શ્રી પી.કે. મોદી તથા શ્રી અશોકભાઈ કટારીયાને આભાર સહ વંદન.

અમારું લેખકવૃંદ જેણે સતત વેદાંત કોઈપણ રૂપમાં પીરસ્યું તેવા સ્વ. શંભુભાઈ જોષી, સ્વ. યોગેશભાઈ દેસાઈ, શ્રી વિમલભાઈ દવે, શ્રીમતી ગીતાબેન મહેતા, શ્રી આશુતોષ ભટ્ટ, કુ. માનસી પરીખ, શ્રીમતી સ્વાતિબેન શાહ, શ્રીમતી નયનાબેન નાયક, શ્રીમતી અંજુબેન શાહ, શ્રીમતી જયશ્રીબેન શુક્લા, શ્રી અપૂર્વ પાઠક, શ્રીમતી નિલાબેન શાહ, શ્રીમતી પ્રવિણાબેન બુદ્ધદેવ, બ્ર૰ સ્તુતિ ચૈતન્ય, શ્રીમતી કલ્પનાબેન શાહ, શ્રી વિકાસ પુરોહીત, શ્રી ભાવિન પટલ તથા કમ્પોઝર શ્રી ફહીમ અન્સારી, સહુનો આભાર.

ઓફીસમાં પ્રમાની સેવા આપનાર શ્રી શરદભાઈ, શ્રી વાઢેરભાઈ, શ્રી કુલીનભાઈ, શ્રી પ્રધ્યુમનભાઈ, શ્રી પ્રવિણભાઈ તથા આપણા ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી ડી.વી. શાહનો આભાર.

ફરી એકવાર ચિન્મય સેવા ટ્રસ્ટ - અમદાવાદના ટ્રસ્ટીઓ શ્રી અરવિંદભાઈ, શ્રી અવનીધરભાઈ, શ્રીમતી પૂર્ણિમાબેન, શ્રી પી.કે. મોદી, શ્રી સંતોશભાઈ અને મારા તરફથી સહુનો તથા આમાં કોઈ રહી ગયું હોય તે સર્વે મુકસેવકોનો અંતરથી આભાર.

પ્રમા પુસ્તિકા રૂપે બંધ થશે. પણ આપણી અંતરયાત્રા તો આપણે પોતે જ ચાલુ રાખવાની છે. વિજળીના ઝબકારે મોતીડા પરોવી લેવાના છે. જેમાં સદ્ગુરુના આશિર્વાદ સતત આપણી સાથે છે.

સહુને સાદર પ્રણામ અને હરિ ૐ.

– આપનો આનંદ પાઠક

# પૂણ્યધામ પરમધામ

શ્રીમદ્ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે બે વાર કહ્યું છે કે, વ્યક્તિ એવી જગ્યાએ પહોંચે જ્યાંથી તે દુઃખ અને દર્દથી પૂર્ણ જૂના માર્ગે ક્યારેય પાછા ન વળે તેવા સ્થળને પરમધામ કહેવામાં આવે છે. આપણે બધા સૌભાગ્યશાળી છીએ કે પરમ પૂજ્ય ગુરુદેવ સ્વામી ચિન્મયાનંદજીએ આપણા આ મંદિર-આશ્રમના સંકુલને પરમધામ નામ આપ્યું છે. આ નામને સાર્થક કરતા પરમધામ, ત્યાં પ્રથમવાર આવતા મુલાકાતી અને હંમેશના ભક્તોને એટલી વિશુદ્ધ પ્રશાંતિ અર્પે છે કે તેઓ આ શહેરના કોલાહલપૂર્ણ અને સંઘર્ષમય વાતાવરણમાં ક્યારેય પાછા જવા નથી ઈચ્છતા.

પરમધામ સાથેની મારી યાદો બાળપણથી સંકળાયેલી છે. આ મારા અને મારા આખા કુટુંબ માટે બીજું ઘર છે. ચાહે બાલવિહાર કાર્યક્રમ હોય કે કોઈ હરિફાઈ હોય કે ચિક-યુવા સભ્ય તરીકેનું કોઈ કામ હોય, પાછળથી બ્રહ્મચારી-સ્વામી તરીકે પરમધામમાં શિક્ષાનું કાર્ય હોય, પરમધામ હંમેશા મારા માટે એક વિશેષ આશ્રયસ્થાન બની રહ્યું છે. આપણે જ્યારે પરમધામ વિશે વિચારતા હોઈએ ત્યારે આપણા વેણુગોપાલ ભગવાન કેવી રીતે વિસરાય! સૌંદર્યથી ભરપૂર, કાળા પથ્થરની બનેલી મૂર્તિ પરમધામને જીવંતતા અર્પે અને મારા જેવા ઉગીને ઉભા થતા ઉત્સુક જીજ્ઞાસુ માટે સાક્ષી પૂરે છે. પૂજ્ય ગુરુદેવ એને “Black Beauty” (ઘનશ્યામ સુંદર) કહેતા હતાં, તે તદ્દન ઉચિત છે. શ્રીકૃષ્ણ અર્જુનને પરમધામમાં લઈ ગયા અને આપણા ગુરુદેવ આપણને પરમધામ સુધી લાવ્યા! હું ઘણીવાર જ્યારે પરમધામના કમ્પાઉન્ડમાં ફરું છું ત્યારે અસંખ્ય જુની યાદો મારા મનને ઘેરી વળે છે. ભિન્ન-ભિન્ન કાર્યક્રમોના અસંખ્ય અનુભવો સાથે સંકળાઈ જાય છે નવા-નવા રહસ્યોદ્ઘાટનની

ૐ

યાદ. ક્યારેક પરમધામ મને મારા દાદા જેવું લાગે છે, જે મને અનહદ્ પ્રેમ કરતાં હોય અને મારા માટે એક રક્ષક સમાન હોય, મને મારા આશ્રય સ્થાન સાથે અને મારા મનની દરેક વિલક્ષણ વૃત્તિ સાથે બાંધી રાખે અને દરેક વસ્તુને સ્વભાવિક રીતે શક્ય બનાવે. પરમધામનું આ મૂલ્ય આપણને ત્યારે જ સમજાય જ્યારે આપણે ચિન્મય મિશનના બીજા સેન્ટર જ્યાં રોજીંદા કાર્યક્રમ માટે એટલી સુંદર જગ્યા ઉપલબ્ધ નથી હોતી તેની સાથે સરખાવીએ. આપણા દાદાની જેમ ઉંમર થાય એમ પરમધામની પણ થઈ, હમણાં જ આપણે આપણા પરમધામ મંદિર અને વર્ગખંડનું બિલ્ડીંગ બાંધ્યું, જેનું ઉદ્ઘાટન પૂજ્ય ગુરુજી સ્વામી તેજોમયાનંદજી, પૂજ્ય સ્વામી સ્વરૂપાનંદજી અને પૂજ્ય સ્વામિની વિમલાનંદજીના કરકમળો દ્વારા થયું. આ નવા મંદિરમાં અને બિલ્ડીંગમાં પણ મને જૂના ઉમંગનો, નવી હૂંફનો પ્રેમ અને સુરક્ષિત હોવાની ભાવનાનો વિશેષ અનુભવ થયો. આ લાગણી એવી થઈ કે જાણે મારા ઘરડાં દાદા હમણાં જ નવજીવન મેળવી અને હોસ્પીટલમાંથી પાછાં ઘરે આવ્યા હોય! છતાં પણ એક વાત એટલી જ સત્ય છે કે આપણું પરમધામ હજી પણ વધુ ચિકિત્સા અને ઈલાજ માગે છે જેથી તે વધારે તાજગીસભર લાગે. આપણે એક સભાખંડ બાંધવા માગીએ છીએ. જેથી અહીં આવતા ભાવિકજનોને પૂજ્ય ગુરુદેવના પ્રેરણાદાયક જીવન અને તેમની શિક્ષા વિશે વધુ માહિતી - જ્ઞાન આપી શકાય. સાથે સાથે નિવાસી આધ્યાત્મિક શિબિર, વડીલો, યુવાનો અને બાળકો માટે યોજી શકાય તે માટેની મૂળભૂત વ્યવસ્થા જેવી કે ભોજનખંડ અને નિવાસ સ્થાન માટે રૂમો. આ એક મહત્ત્વકાંક્ષી સ્વપ્ન છે, જે આપણે સાથે મળીને પૂરું કરવાનું છે.

ॐ

આપણા પૂજ્ય ગુરુદેવ કહેતા હતા, ''નારાયણને પકડી રાખો, લક્ષ્મીજી પાછળ આવશે.'' આપણે સૌ સાથે મળીને ભગવાનને પ્રાર્થના કરીએ કે તે ઘણા ઘણા લોકો જે આ સંદેશ વાંચતા હોય તેને પ્રેરણા કરે, આ મહત્ત્વકાંક્ષી સ્વપ્ન પ્રોજેક્ટના બીજા અને ત્રીજા ભાગને પૂર્ણ કરવા ઉદારતાપૂર્વક દાન કરવાની. આપણા ગુજરાતમાં અને પાછું અમદાવાદમાં આવું ઉત્તમ અને સુવિકસિત સ્થાન હોય જ્યાં એક સમર્પિત ઋષિનું કાર્ય દૃઢતાપૂર્વક ટકી રહે અને સાથે સાથે આગળ વધે.

આપણા પૂજ્ય ગુરુજીનો એક સુંદર વિચાર જે આપણા કોષને કઈ રીતે વધારવો તે માટે છે, તે તમને સૌને જણાવવા ઈચ્છીશ. ''દરેક વ્યક્તિ માટે ભિક્ષાદાન (ધર્મદાન) માટે મર્યાદા હોય છે, પરંતુ જો આપણે દાન લાવવા માંગીશું તો તેમાં કોઈ જ મર્યાદા નથી.'' ચાલો આપણે સૌ સાથે મળીએ અને 'પ્રોજેક્ટ પરમધામ' માટે પૂરતું દાન મેળવીએ. આપણે કરીશું! ચોક્કસ કરીશું!

આ ચિન્મય પ્રમાનો અંતિમ અંક છે. છેલ્લા સાત વર્ષથી જેઓની અથાગ મહેનત અને પ્રયત્નથી દર મહિને નિયમિત આ મેગેઝીન ચાલ્યું તેવા શ્રી આનંદ પાઠક અને શ્રી યોગેશભાઈ ટાંક જેમણે દર મહિને નિયમિત આ મેગેઝીનને નવા નવા ક્લેવર આપી પ્રિન્ટ કર્યું, બન્નેનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. શ્રી આનંદભાઈ અને શ્રી યોગેશભાઈ બન્ને ચિન્મય યુવા કેન્દ્ર અમદાવાદના સક્રિય સભ્ય હતા અને પછીથી ચિન્મય મિશન, અમદાવાદની કાર્યકારી સમિતિના સભ્ય છે. શ્રી આનંદભાઈ ચિન્મય પ્રમાના આજ સુધી એડિટર અને ઈન્ચાર્જ રહ્યા છે. સાથે સાથે ચિન્મય સેવા ટ્રસ્ટ અમદાવાદના ટ્રસ્ટી તરીકે કાર્યાન્વીત છે અને તેમનું કુશળ અને અનુભવી માર્ગદર્શન સંસ્થા અને ઉપયુક્ત સભ્યોને પ્રાપ્ત છે.

ચિન્મય પ્રમાની યાત્રામાં જોડાયેલા બધા જ ટ્રસ્ટી, કમિટી સભ્ય, સત્સંગીઓ અને જીજ્ઞાસુ વાચકોને હું હ્રદયપૂર્વક ધન્યવાદ આપું છું. આપણે ચિન્મય પ્રમાને નવા અવતારમાં, નવા સ્વરૂપે ફરીથી મેળવીએ સોસિયલ મિડિયા અને વેબસાઈટ ઉપર. ત્યાં સુધી પરમધામની રૂબરૂ મુલાકાતે અવશ્ય પધારો.

॥ ૐ શ્રી ચિન્મય સદ્ગુરવે નમઃ ॥

- સ્વામી અવ્યાયનંદ સરસ્વતી

મારી ૧૫ વર્ષની આધ્યાત્મિક યાત્રા ચિન્મય મિશન, અમદાવાદ - પરમધામથી શરૂ થઈ અને 'યદ્ગત્વા ન નિયર્તન્તે તદ્ધામ પરમં મમ્'ની વાત સાર્થક થઈ. શરૂઆતમાં એક નવા સાધક તરીકે ચિન્મય પ્રમા દ્વારા મને ઘણું માર્ગદર્શન અને પ્રેરણા પ્રાપ્ત થયા જે ઓછા વત્તા અંશે આજ સુધી ચાલુ રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી હું ચિન્મય પ્રમા સાથે સક્રિયતાથી સંકળાયેલી હોવાથી એક ભાવાત્મક સંબંધ બંધાયો છે. આજે છેલ્લા અંક માટે શું લખવું? સમજાતું નથી. તેથી પૂજ્ય ગુરુદેવની જ ઈચ્છા છે તેમ માનીને વિરમું છું.

॥ હરિ ૐ તત્સત્ ॥

- ગીતા મહેતા

**હરિ ૐ**

**મંદિરમાં પૂજારી તરીકે કારકિર્દી માટે**

**વિજયભાઈ પિલ્લાઈ : ૭૬૨૪૦૧૯૧૦૧ અથવા**

**સુધાકરભાઈ શેટ્ટી : ૯૮૨૫૫૯૮૭૬૬ નો સંપર્ક કરશો.**

# જીવનનું લક્ષ્ય અને સન્યાસ આશ્રમ

સ્વામી તપોવન મહારાજ

ઋષિઓએ ઘરબાર, ધનસંપત્તિ અને સંબંધોનો ત્યાગ કરીને સન્યાસ આશ્રમને પસંદ કરવો એનું વરણ કરવું એને જ જીવનની સર્વશ્રેષ્ઠ અવસ્થા બતાવી છે. જીવનનું પરમ લક્ષ્ય આત્મઐક્ય બોધ છે. આપણા શાસ્ત્ર કહે છે કે જીવનના પરમ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સન્યાસ અવસ્થા (આશ્રમ) સુધી પહોંચવું અનિવાર્ય છે. પરંતુ એ વિચાર કરવો પણ જરૂરી છે કે, "જે લોકો સન્યાસી વેશ ધારણ કરે છે, તે બધા જીવનના પરમ લક્ષ્યને પામે પણ છે કે નહીં? એ ક્યા ત્યાગી છે કે જે કેવળ સન્યાસ આશ્રમમાં જ સંભવ છે અન્ય કોઈ આશ્રમમાં નહીં?"

એ વાત તો સર્વને જ્ઞાત છે કે પ્રબુદ્ધ અને વિવેકી પુરુષ કોઈપણ આશ્રમમાં રહે, પોતાની ઈચ્છાઓને અવશ્ય સંયમિત કરી લે છે. એનું પોતાના શરીર, મન અને ઈન્દ્રીયો પર સંપૂર્ણ નિયંત્રણ હોય છે. એ પૂરી નિષ્ઠાથી સત્યનું અનુસંધાન પણ કરે છે. એનાથી વિપરીત નબળી માનસિકતા વાળો વ્યક્તિ સન્યાસી જીવનનું વરણ કરવા છતાં જીવનના લક્ષ્યથી ભટકવાની સંભાવના છે. તે જ્યાં ત્યાં ભટકીને વ્યર્થ જ સમય પસાર કરે છે. એમાંથી એને પણ કોઈ લાભ નથી કે સમાજને પણ કોઈ લાભ નથી થતો. એનું આખું જીવન આળસ, પ્રમાદ અને ભયભીત માનસિકતા સાથે પસાર થાય છે. આવા મિથ્યાચારીઓ સન્યાસી જીવનના લક્ષ્યથી માઈલો દૂર નીકળી જાય છે.

એ સત્ય છે કે એક ગૃહસ્થ દિવ્ય શુચિતા (પવિત્રતા)નું પાલન એટલું નથી કરી શકતો જેટલું એક સન્યાસી શહેરોના ઘોંઘાટથી દૂર વનના રમણીય અને શાંત વાતાવરણમાં કરી શકે છે. પરંતુ એવા સાધકોની સંખ્યા પણ ઓછી નથી જે જગતમાં રહેવા છતાં પણ નિર્લિપ્ત બનીને રહે છે.

ॐ

તેઓ પણ દેહમાં રહેવા છતાં એનાથી ઉપર આત્મામાં મગ્ન રહે છે. બ્રહ્મચિંતનમાં લીન રહેવાના કારણે તેઓ ભૌતિક આવશ્યક્તા પ્રતિ ઉદાસીન બની જાય છે. કેટલીક વાર તો સમાજના ભૌતિક પરિવેશમાં આવા સાધકો બિલકુલ અલગ-થલગ પડી જાય છે અને એકલે પોતે પોતે ઉપેક્ષિત છે, તેવો અનુભવ કરે છે. આવા નિષ્ઠાવાન સાધકો એ ખરેખર તેઓ વિવેક, વૈરાગ્યયુક્ત જ્ઞાન નિષ્ઠામાં પ્રતિષ્ઠિત હોય તો પારિવારિક જવાબદારીઓને સારી રીતે પૂર્ણ કરીને ઉચિત સમયે કોઈ પ્રાકૃતિક સૌંદર્યથી પરિપૂર્ણ એકાંત આશ્રમમાં ચાલ્યા જવું જોઈએ. શાંત અને પવિત્ર વાતાવરણ અને પ્રાકૃતિક પ્રશાંતિને કારણે સાધનામાં પ્રગતિની ઝડપ વધે છે. પરંતુ કદાચ ભૌતિક આકર્ષણમાં ફસાઈ ન જવાય એ ડરથી વનમાં ચાલ્યા જવું એ કાયરતા સિવાય બીજું કંઈ જ નથી. આ પલાયનતા છે, સન્યાસ નહીં. આ એવું જ છે કે શિકારીના ડરથી હરણ જંગલમાં ભાગી જાય છે. વાસ્તવમાં વીરપુરુષ પ્રબળભાવ છતાં પણ દૃઢતાથી સન્માર્ગ ઉપર ચાલ્યા કરે મનની નિર્બળતાથી ભાગવાના બદલે સાચો સાધક દૃઢતા અને ધૈર્યથી આગળ ધપે છે.

આગનો સ્પર્શ જરૂરથી દઝાડશે, એવી જ રીતે ઝેરી સર્પ જરૂર ડંખ મારશે. તો પ્રશ્ન એ છે કે ઈન્દ્રીય વિષય વચ્ચે રહેવા છતાં પણ આ વિકૃતિથી કેવી રીતે બચી શકાય. વિષય સુખનું આકર્ષણ કોઈને છોડતું નથી, પછી તે સન્યાસી હોય કે ગૃહસ્થ. સ્થિતિ અતિગંભીર છે પરંતુ અસંભવ નથી. એ માટે વિષય વસ્તુના લક્ષણોને સમજીને પોતાની જાતને બચાવી શકાય છે.

સાચો મહાત્મા એ જ છે કે જેણે સાંસારિક સુખોને વિષ સમાન ગણીને તેનો ત્યાગ કર્યો છે. વિવેકથી ઉત્પન્ન વૈરાગ્યના ફળરૂપે તે આનંદમાં મગ્ન

ॐ

રહે છે. આવો સાધક ક્યાંય પણ રહે, કોઈપણ અવસ્થામાં રહે તે સર્વત્ર આત્મતત્ત્વના દર્શન કરે છે. પછી તેને કોઈ વિષય આકર્ષતા નથી કે કોઈ બંધન રહેતું નથી. ઉત્તેજના અને પ્રલોભનો વચ્ચે પણ જેનું મન સ્થિર અને શાંત રહી શકે તે વિલક્ષણ સાધક છે. પછી તે પરિવાર સાથે રહે કે દૂરના આશ્રમમાં સદા પ્રસન્નચિત્ત, નિર્ભય અને અવિચલ રહે છે. આવી સ્થિતિ જેને પ્રાપ્ત છે તે સાધક જ સમાધીને લાયક છે. ક્યારેક આવી સ્થિતિ જેને પ્રાપ્ત છે તેવા સાધકનો માર્ગ કોઈ કારણસર અવરોધાય છે, તો તેનો આગલો જન્મ બહું જ અનુકૂળ પરિસ્થિતિમાં થાય છે. આગળના જન્મમાં તે પ્રારંભથી જ સદ્‌ગુણ સંપન્ન રહીને સાધના અને ઉપાસનાના બળ ઉપર ઘરે રહીને જ સાધના અને ઉપાસનાની શક્તિથી સમાધિ અવસ્થાને શીઘ્ર પ્રાપ્ત કરે છે. આવા સાધકોને ગીતાજીમાં યોગભ્રષ્ટની સંજ્ઞા આપી છે. આવા સાધકો આગલા જન્મમાં બાળપણથી જ આત્મસાક્ષાત્કારના માર્ગે અગ્રસર રહે છે અને પરિસ્થિતિનું અનુકૂલન સાધીને સન્યાસ આશ્રમનું વરણ કરી લે છે. સન્યાસ આશ્રમના વરણ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ જ છે કે અધિક થી અધિક સમય સત્યના અનુસંધાનમાં વ્યતીત કરી શકે અને બિનજરૂરી અવરોધ અને આકર્ષણથી પોતાની જાતને સુરક્ષિત રાખી શકે.

સન્યાસ આશ્રમની આ અતિપ્રાચીન પરંપરા આત્માનુભૂતિના પથિક માટે એકમાત્ર ઉત્કૃષ્ટ માર્ગ છે. જેવી રીતે મધમાખી ભાતભાતના પુષ્પમાંથી રસ એકત્ર કરીને મધ બનાવે છે અને પછી તેના રસાનંદમાં મુગ્ધ રહે છે, એવી જ રીતે એક ભિક્ષુક શાસ્ત્રના જ્ઞાન અને આકરી તપશ્ચર્યાના ફળ સ્વરૂપ પ્રાપ્ત આત્માનુભૂતિના આનંદમાં મગ્ન રહે છે અને ઉત્કૃષ્ટ મહિમામય જીવન જીવે છે. આ કારણથી આજે પણ પ્રતિભાશાળી સર્વસંપન્ન સાધક પોતાનું સર્વસ્વ ત્યાગીને આ મહાનતમ અને વિલક્ષણ પરંપરાના તત્ત્વચરણ કરે છે

(સાભાર - ચિન્મય ચંદ્રિકા) ભાવાનુવાદ : ગીતા મહેતા

# વાસના ત્યાગની વિધિ

સ્વામી ચિન્મયાનંદ સરસ્વતી

આપણા પરમ ગુરુ આચાર્ય શંકરે વિવેકચૂડામણિમાં ચંદનના લાકડાનું ઉદાહરણ આપીને વાસનાનો પ્રભાવ અને દર્પણ દ્વારા વાસના ત્યાગની વિધિને સારી રીતે સમજાવી છે. જળમાં રહેવાથી ચંદનના લાકડાની દિવ્ય સુગંધ ઉપર દુર્ગંધનો લેપ ચઢી જાય છે ત્યારે તેને ઘસવામાં આવે છે, ત્યારે તે લેપ દૂર થાય છે અને દુર્ગંધ દૂર થઈ વિદ્યના સુગંધ પ્રગટ થાય છે. આ જ પ્રકારે પરમતત્ત્વની દિવ્ય સુગંધ મનોકલ્પિત અપાર વાસનાઓની ધૂળથી આવૃત્ત થઈ ગઈ છે. જ્યારે જ્ઞાનના સતત સંઘર્ષણથી આપણું અંતઃકરણ શુદ્ધ થાય છે ત્યારે ચંદનની સુગંધની જેમ દિવ્ય સુગંધ પ્રગટ થાય છે.

વાસનાઓના કારણે મનુષ્યનું વ્યક્તિત્વ સડવા લાગે છે અને કામ, ક્રોધ, લોભ-મોહ વગેરેની દુર્ગંધથી ભરાઈ જાય છે, વિષયોની આસક્તિની દુર્ગંધથી ભરાઈ જાય છે. આ દુર્ગંધ આપણા વ્યક્તિત્વને એવી રીતે આવૃત્ત કરે છે કે આપણા મૂળ સ્વરૂપની દિવ્ય સુગંધ પૂરી રીતે આચ્છાદિત થઈ જાય છે.

ચંદનનું લાકડું લાંબો સમય જળમાં રહે તો તે સડવા લાગે છે અને તેમાંથી દુર્ગંધ ફેલાવા લાગે છે. સામાન્ય રીતે સુગંધ દિવ્ય હોય છે પરંતુ જળના દીર્ઘ સંસર્ગથી દુર્ગંધ ફેલાવા લાગે છે. જો ચંદનના લાકડાને જળમાંથી બહાર કાઢી પથ્થર ઉપર ઘસવામાં આવે તો પરિણામ સ્વરૂપે ચંદનની મૂળ સુગંધથી વાતાવરણ પ્રફુલ્લીત બની જાય છે.

આચાર્ય શંકર કહે છે, ''તમે આત્મતત્ત્વ જ છો પરંતુ દેહ સાથે તાદાત્મ્ય રાખવાને કારણે આ સમયે તમારા વ્યક્તિત્વમાંથી વાસનાની દુર્ગંધ આવી રહી છે.'' કામ-ક્રોધ, લોભના કારણે આ દુર્ગંધ પ્રસરે છે.

ૐ

એના કારણે પ્રેમ, દયા અને કરૂણા જેવા સદ્‌ગુણો માટે હૃદયમાં કોઈ જગ્યા નથી રહેતી. હવે જો મૂળસ્થિતિને પ્રાપ્ત કરવી હોય તો વ્યક્તિત્વને સંઘર્ષણની પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. આને ધ્યાન સાધના દ્વારા પ્રજ્ઞાનથી અર્થાત્ ‘‘હું બ્રહ્મ છું’’ જેવા ઉચ્ચ જ્ઞાનથી વારંવાર ઘસવી જોઈએ. સતત સાધનાથી અજ્ઞાનજન્ય વાસનાના વાદળા દૂર થઈ સત્‌સ્વરૂપના સૂર્યનો પ્રકાશ ફેલાય છે.

અહીં સમજવાનું એ છે કે સંઘર્ષણની પ્રક્રિયાથી ચંદનની લાકડીમાં સુગંધ ભરવામાં નથી આવતી પણ દુર્ગંધની પરતને હટાવવામાં આવે છે. ચંદનમાં સુગંધ તો પહેલેથી છે જ, એ તેનું મૂળ સ્વરૂપ છે. ઘસવાની પ્રક્રિયાથી કેવળ દુર્ગંધ ઉત્પન્ન કરવાવાળું જે કારણ છે તેને દૂર કરવામાં આવે છે. આ પ્રકારે સાધના કે ઉપાસના દ્વારા દિવ્યતા અર્થાત્ ઈશ્વીય તત્ત્વ બહારથી ક્યાંયથી લાવીને આપણને આપવામાં નથી આવતું પણ એને આવૃત્ત કરવાવાળી વાસનાઓને દૂર કરવામાં આવે છે. ઉપનિષદ્‌નો તો ઉદ્‌ઘોષ છે ‘તત્વમસિ’ અર્થાત ‘તે તું જ છે’.

આત્મતત્ત્વની વાસ્તવિક દિવ્ય સુગંધને આપણી અનાત્મ વાસનાઓના જાળાઓએ આવૃત્ત કરી રાખ્યા છે. આ બારીના કાચ ઉપર લાગેલી ધૂળ સમાન છે જેના કારણે બહાર ફેલાયેલું પ્રાકૃત્તિક સૌંદર્ય આપણી નજરે નથી પડતું. સાંસારિક કામનાઓ અર્થાત દેહ, મન, બુદ્ધિ, વિષય, ભાવ, વિચાર જગતની આસક્તિ તથા અહં કેન્દ્રિત પ્રવૃત્તિઓ આપણા દિવ્ય સ્વરૂપને આવૃત્ત કરે છે.

આત્મતત્ત્વનું સતત ધ્યાન કરવાથી વાસનાઓના જાળાને હટાવી શકાય છે. શ્રુતિનું અધ્યયન અને ચિંતન, મનન, ધ્યાન, ઈશ્વરની સાચી ભક્તિ, નિષ્કામ સેવા, સમર્પિત કર્મ આ બધું મળીને આપણા જીવનને

ધર્મ અને અધ્યાત્મની સુગંધથી ભરી દે છે. જ્યારે વાસનાના સંપૂર્ણ ક્ષય થાય ત્યારે આત્મતત્ત્વ સ્વયમેવ પ્રગટ થાય છે. આત્મતત્ત્વ તો સ્વયંની પ્રભાથી જ ઓજસ્વી છે.

જ્યારે મન પ્રત્યક્ષ આત્મામાં પ્રતિષ્ઠિત થવા લાગે ત્યારે સાંસારિક વાસનાની ઈચ્છા ઓછી થાય છે. જ્યારે મન પૂર્ણરૂપે પ્રત્યાગાત્મામાં સમ્યક રૂપે પ્રતિષ્ઠિત થઈ જાય ત્યારે બધી વાસનાઓ દૂર થઈ જાય છે. વાસના શૂન્યતા જ ધ્યાનની પૂર્ણાવસ્થા છે. આને જ આત્મસાક્ષાત્કાર કહે છે.

(સાભાર - ચિન્મય ચંદ્રિકા) ભાવાનુવાદ : ગીતા મહેતા



# આત્મ જીજ્ઞાસા

સ્વામી તેજોમયાનંદ સરસ્વતી

આપણે બધા હંમેશા સંસારની વસ્તુઓ માટે રોતા રહીએ છીએ. જેવી કે, મારી પાસે ક્યારે નોકરી હશે? નોકરી હોય તો પ્રમોશન ક્યારે થશે? લગ્ન ક્યારે થશે? પુત્ર ક્યારે થશે? વગેરે. આ સાંસારિક સમસ્યાઓથી છૂટવા માટે આપણે વલવલાટ કરીએ છીએ. આપણી અને આપણા કુટુંબીઓની બિમારીથી છૂટવા માટે બેચેની અનુભવીએ છીએ, મિત્રો અને સંબંધીના મૃત્યુ પર વિલાપ કરીએ છીએ. પણ અફસોસ! બહુ જ ઓછા લોકો ઈશ્વરની પ્રાપ્તિ માટે રડે છે, હું ક્યારે ઈશ્વર દર્શન કરીશ? ક્યારે મને આત્માનુભૂતિ થશે?

સંત તુલસીદાસજી કહે છે - હે રામ! રાગ-દ્વેષથી મુક્ત રીતે કેવળ આપનું જ ચિંતન કરતાં કરતાં ટીકાયુક્ત કઠોર વચનોથી થોડા પણ વિચલિત ન થવાય, આમ કરતાં કરતાં ક્યારે મારું જીવન એક સંત સમાન હશે? (વિનયપત્રિકા-૧૭૨)

રાવણ જેવો ઘોર ભૌતિકવાદી પણ પોતાની ઉપલબ્ધિ અને ઈચ્છાઓથી ઉબાઈ જાય છે. એનું દુઃખ છે - એકાંતમાં બેસીને, બધી દુષ્પ્રવૃત્તિ અને મિથ્યા વિચારોનો ત્યાગ કરીને, ભ્રૂમધ્યે ધ્યાન લગાવીને, ભૂજાઓ ઉઠાવીને, હાથ જોડીને, કેવળ શિવનું નામ રટણ કરતાં કરતાં મને ક્યારે સુખ પ્રાપ્ત થશે? (શિવતાંડવ સ્તોત્ર-૧૩)

સત્સંગમાં ઘણી સારી કથાઓ અને ઉદાહરણ આપવામાં આવે છે. એ બધાને જાણે બે વ્યક્તિ વચ્ચેનો સંવાદ હોય તેમ કથારૂપે સાંભળીએ છીએ. આપણે આપણી જાતને તેમાં ક્યાંય જોતા નથી. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ એ અર્જુનને કહ્યું -

ॐ

અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમ વહામ્યએમ્ ॥ ૯-૨૨ ॥

અર્થાત અનન્યભાવથી મારું ચિંતન કરતાં કરતાં જે ભક્તજન મારી જ ઉપાસના કરે છે, એ નિત્યમુક્ત પુરુષોનું યોગક્ષેમ હું વહન કરું છું.

આ બધું જ સાંભળવા છતાં, સમજવા છતાં આપણને ક્યારેય એવો ભાવ નથી થતો કે આ બધું જ મારા માટે કહેવામાં આવ્યું છે. પરિણામ સ્વરૂપ પોતાની જાતને બદલવા માટે આ જ્ઞાનનો ઉપયોગ નથી કરી શકાતો.

બીજી વ્યક્તિ આપણા માટે વધારેમાં વધારે એટલું કહી શકે કે ભોજનનો કોળિયો આપણા મોંમાં મુકી દે. એના પછી આપણા સ્વયં માટે આપણે જ ચાવવો પડશે. ભોજન પચવાની નૈસર્ગિક પ્રક્રિયા એટલી સરસ છે કે તે આપણા શરીરમાં પાચન ક્રિયા દ્વારા સરળતાથી પચી જાય છે અને ન પચેલો ખોરાક મળરૂપે બહાર નીકળી જાય છે, જો તેમ ન થાય તો કષ્ટદાયી બને છે.

આ જ પ્રકારે જ્યારે આત્મજ્ઞાનની વાત કરવામાં આવે ત્યારે આપણે સ્વયં એના સમસ્ત પક્ષો ઉપર વિચાર કરવો જોઈએ. અડધું પચેલું જ્ઞાન બહુ નુકશાનકારક હોય છે અને બિલકુલ ન પચેલું જ્ઞાન ભારરૂપ હોય છે. જે જ્ઞાન સંપૂર્ણ આત્મસાત થાય તે આપણને પુષ્ટ કરે છે. આવું જ્ઞાન આપણને એ સત્યની અનુભૂતિ કરાવે છે જેની વિસ્તૃત વ્યાખ્યા શાસ્ત્ર આપણા કલ્યાણ માટે કરે છે. યોગવશિષ્ઠમાં વર્ણન છે –

જ્ઞાસારં વષિષ્ઠોક્તમ્ મૂદમાકર્જ્ય રાઘવઃ ।
મુહૂર્તમાસીત્ ઉદ્બુદ્ધઃ ચૈતન્યાનન્દ સાગરઃ ॥

ॐ

અર્થાત ઋષિ વસિષ્ઠે જે જ્ઞાન સારની વાત કરી છે તેને સાંભળીને શ્રીરામ જે જ્ઞાની હતાં, તેઓ દિવ્ય ચૈતન્ય આનંદના સાગર બની ગયા અને કેટલાક સમય માટે એમાં જ સ્થિત રહ્યા.

શ્રીરામે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું, તે આપણે શાસ્ત્રમાં વાંચી તો લઈએ છીએ પરંતુ એ વિચાર ક્યારેય નથી કરતાં કે એ સત્યની અનુભૂતિ આપણે કેવી રીતે કરવી? આ બધી વાતોનો કોઈ જ લાભ નથી જ્યાં સુધી આપણે એ દિશામાં કોઈ જ પ્રયત્ન ન કરીએ. નારદ ભક્તિ સૂત્રમાં ઋષિ કહે છે -

ભક્તિ શાસ્ત્રાણિ મનનીયાનિ તદુદ્બોધક કર્માણિ કરણીયાનિ ॥ ૭૬ ॥

ભક્તિ માટેના શાસ્ત્રોનું સારી રીતે મનન કરવું જોઈએ. એમાંથી મળતા જ્ઞાનનો આપણા કર્મમાં પ્રયોગ કરવો જોઈએ. એ આપણા વ્યવહારમાં પણ દેખાવું જોઈએ. અધ્યયન, મનન, જપ, તપ અને ધ્યાન વગેરેનો એકમાત્ર ઉદ્દેશ્ય ઈશ્વર દર્શનની તીવ્ર જીજ્ઞાસા ઉત્પન્ન કરવાનો જ છે.

(સાભાર - ચિન્મય ચંદ્રિકા) ભાવાનુવાદ : ગીતા મહેતા

## આગામી નિવાસી શિબિરો

૧. "ગુરુ મહિમા" આચાર્ય - સ્વામી અવ્યયાનંદજી
સ્થળ : ચિન્મય ગાર્ડન્સ, કોઈમ્બતુર.
**તા. ૨૬-૩-૨૦૧૯ થી ૩૦-૩-૨૦૧૯**

૨. "તપોવન મહિમા" આચાર્ય - સ્વામી અવ્યયાનંદજી
સ્થળ : તપોવન કુટી, ઉત્તરકાશી.
**તા. ૨૬-૫-૨૦૧૯ થી ૩-૬-૨૦૧૯**


સંપર્ક : ઓફીસ - ૦૭૯ ૨૬૭૪૧૫૨૭
(સવારે ૧૧-૦૦ થી સાંજે ૭-૦૦ સુધી)

# શ્રી સ્વામી તપોવનમ્

સ્વામી શિવાનંદ સરસ્વતી

આદર્શ સંન્યાસનું મૂર્તિમંત સ્વરૂપ, દિવ્ય જીવન સંઘ

**ભાગ-૩**



તપોવનજી જે બાબતોનો તેમણે ત્યાગ કર્યો હતો તે પાછી કોઈ અન્ય સ્વરૂપમાં તેમના જીવનમાં પ્રવેશ ન કરી જાય તે માટે સદા જાગૃત રહેતા. જે સંતો સંપૂર્ણતઃ જાગૃત ન હોય તેઓ ઘણી વખત માયાના આવા અન્ય સ્વરૂપના પ્રભાવમાં આવી જતા હોય છે. પરંતુ તપોવન મહારાજ તો શ્રીકૃષ્ણે ગીતામાં પ્રબોધેલ ઉચ્ચતમ ભક્તની કક્ષામાં હતા. પ્રતિક્ષણ વૈરાગ્ય અને અધ્યાત્મના ઉચ્ચતમ આદર્શ પ્રત્યે તેઓ જાગૃત રહેતા. ધ્યેય પ્રતિ તેમનું તપોપૂત, નિર્મળ મન હંમેશા પ્રતિબદ્ધ રહેતું અને તેમાં નાનામાં નાની ખલેલ તેઓ તુરત જ પારખી લેતા અને તેને દૂર કરી દેતા! વૈરાગ્યના ક્ષુરસ્ય ધારા જેવા દુર્ગમ અને ભયસ્થાનોથી ભરપૂર માર્ગને તેમણે પોતાને માટે આ મુજબ સાવ સરળ બનાવી મૂક્યો હતો અને પ્રાચીન ઋષિઓને પણ આશ્ચર્યચકિત બનાવી મૂકે તેવી ગતિથી તેમણે સફળતા થાય છે ત્યાં જીવનમાં વેદાંત ઉતરેલું હોય છે અને જ્યાં જીવનમાં વેદાંતના દર્શન થાય ત્યાં સંન્યાસનો ઉચ્ચતમ આદર્શ દેખાશે જ. વેદાંત કે પરાભક્તિ વિનાનો સંન્યાસ એક મજાક બની રહે છે અને સંન્યાસરહિત

અર્થહીન વેદાંત માત્ર શુષ્ક બૌદ્ધિક કસરત બને છે. વેદાંતરહિત સંન્યાસ સાવ ખાલીખમ છે અને તેનો કશો હેતુ સરતો નથી. બીજી બાજુ સંન્યાસ વિનાનું વેદાંત જેને ભેદી ન શકાય તેવા સારહીન ખડક જેવું છે, જેનો કોઈ અર્થ નથી. સંન્યાસ દ્વારા અહંકાર ખાલી કર્યા વિના વેદાંતના સારાર્થમાં પ્રવેશ થઈ શકતો નથી. તો વેદાંતના સર્વોચ્ચ આદર્શની પ્રાપ્તિ વિના સંન્યાસ નિરર્થક છે. સંન્યાસ વ્યક્તિને અહંકારથી મુક્ત કરે છે અને વેદાંત તેના સ્થાને પરમ સત્ય અને પરમ તત્ત્વ તેને પ્રદાન કરે છે.

દેહરી ગઢવાલ રાજ્યમાં ગંગાતીરે આવેલી એક નાનકડી ટેકરી પર બંધાયેલી પર્ણનદીમાં રહે છે. યુપી વિસ્તારના નાગરિક એવા સરકારી વિભાગના એક ખૂબ ઊંચા હોદ્દા પરના અધિકારી તેમની અહીંની જરૂરિયાતો પર ખૂબ જ આદર અને આતુરતાપૂર્વક લક્ષ આપતા હોય છે. અહીં પણ મુલાકાતીઓ અને મહાત્માઓ તેમના દર્શન તથા ઉપદેશ શ્રવણ માટે ઉભરે છે. તેઓ ભારે ભક્તિભાવપૂર્વક અને પૂજ્યભાવે તેમની સમક્ષ ઉપસ્થિત થાય છે. પરંતુ સ્વામી તપોવનજી તો આ બધાથી અસ્થિત તેમના ગૌરવમાં સ્થિત રહે છે. એક સાચા વેદાંતી હોવાથી તેમને માટે પ્રશંસા અને નિંદા સમાન છે. આ બધાથી તેઓ તદ્દન અસ્પૃષ્ટ રહે છે અને શાસ્ત્રો વર્ણવે છે તેવી સદા આનંદપૂર્ણ સ્થિતિમાં જીવે છે.

નમૂનારૂપ ચારિત્ર્યશક્તિ ઉપરાંત તેમનામાં વ્યવહારિક સ્પષ્ટતા પણ ભારોભાર છે. વેદાંતની સર્વોચ્ચ અનુભૂતિ હોવા છતાં તેમને વ્યવહારિક જગતમાં રોજબરોજના દૃષ્ટાંતના મૂલ્યની પ્રતીતિ છે અને તેથી તેમનું જીવન સંન્યાસના સૂક્ષ્માતિસૂક્ષ્મ નિયમોને સાચા અર્થમાં અનુસરે છે. પોતાની નવી સંપત્તિ તેમના સમક્ષ પાથરી દે તેવા અસંખ્ય સમૃદ્ધ ભક્તો હોવા છતાં ચૂસ્ત ત્યાગી જીવન જીવી રહ્યા છે. તેઓ હંમેશા માધુકરી ભીક્ષા ગ્રહણ કરે છે. મુલાકાતીઓ તથા ભક્તો દ્વારા ધરાવાયેલી ખાસ ભેટો અને

ભાતભાતની વાનગીઓ તેઓ ત્યારે ને ત્યારે હાજર વ્યક્તિઓમાં વહેંચી દે છે અને પોતે તો સાધારણ દૈનિક ખોરાક જ ગ્રહણ કરે છે. યુવાનીનો સમય વીતી ગયો હોવા છતાં તેઓ કઠોર જીવન જીવી રહ્યા છે. તેઓ ભાગ્યે જ ચંપલ પહેરે છે. કઠોર, ખડકાળ ધરતી અને પર્વતાળ રસ્તાઓ પર પ્રતિવર્ષ તેમની પદયાત્રા ચાલતી રહે છે. ઊનાળા દરમ્યાન તેઓ ઉત્તરકાશીથી ગંગોત્રી પગપાળા પ્રવાસ કરે છે. તાજેતરમાં જ જ્યારે તેઓ ગંગોત્રી હતા ત્યારે ગોમુખ અને આ વિસ્તારના બીજા પર્વત શિખરોનું આરોહણ તેમણે કર્યું. તેમની સાથેના જુવાન, કસાયેલી દેહયષ્ટિ ધરાવતા બ્રહ્મચારીને પણ આ આરોહણો ભારે મુશ્કેલ, લગભગ અશક્ય જણાયા હતા. ગંગાના બરફિલા પ્રવાહમાં પ્રભાત સ્નાન વર્ષમાં કોઈપણ દિવસ તેઓ ચૂકતા નથી. હિમાલયના એકાંત પ્રદેશોમાં લાંબુ દૈનિક પરિભ્રમણ તેમનો શોખનો વિષય છે. તેઓ સંપૂર્ણતઃ આત્મનિર્ભર રહે છે અને નખશીખ સંન્યાસી છે. ભગવા વસ્ત્રોમાં, ખુલ્લા મસ્તકે અને ઉઘાડા પગે, હાથમાં કમંડલુ અને દંડ સાથે બ્રહ્મ તેજથી ઝળહળતા હિમાલય એમના માટે માદરે વતન બની ગયો છે અને તેના ઉચ્ચતર શિખરો તેમના પ્રાણ સાથે ઓતપ્રોત થઈ ગયા છે. હિમાલયના ઉચ્ચતર પ્રદેશો, તેના શિખરો અને વનવિસ્તારોનું ગાઢ એકાંત તેમને અત્યંત પ્રિય છે. તેની દિવ્ય સુંદરતાથી તેમને પ્રેરણા મળે છે અને હિમાલયની પવિત્ર શાંતિ તેમને ચિત્તની ઉચ્ચતમ ભૂમિકા પર લઈ જાય છે. તેમના કેરાળાના ચાહકોના આગ્રહથી તેમણે તેમના હિમાલયના ઉચ્ચ પ્રદેશો અને તીર્થ સ્થાનોમાં તેમના ભ્રમણ તેમજ તેમણે બે વખત કરેલી કૈલાસ યાત્રા પર મલયાલમમાં ‘‘હિમગિરિ વિહાર’’ નામનું પુસ્તક લખ્યું છે. તેમના અનુભવો તથા ધર્મ તેમજ આધ્યાત્મિક રહસ્યો પરનું તેમનું ઊંડું ચિંતન પણ આ પુસ્તકમાં જોવા મળે છે અને વિદ્વાનો દ્વારા આ રચનાની ખૂબ જ પ્રશંસા થઈ છે. તેઓ

એક મહાન સાક્ષાત્કારી જ્ઞાની પુરુષ છે અને પરમ તત્ત્વની અનુભૂતિમાં પૂર્ણતઃ પ્રતિષ્ઠિત છે. તેઓ જેનું પણ દર્શન કરે, પછી રંગબેરંગી પુષ્પો અને વૃક્ષો હોય, પહાડી ઝરણાં કે જળધોધ હોય, હિમનદીઓ કે બરફછાયાં શિખરો હોય, તેમને તે બધામાં માત્રને માત્ર અભિન્ન, પરમ તત્ત્વના દર્શન થાય છે. આ સન્યાસીના દર્શન પ્રેરક અને પવિત્ર બની રહે છે.

જેને આ જગતના તુચ્છ સુખો વિશે સંપૂર્ણ સ્પષ્ટતા થઈ ચૂકી છે અને જે નારાયણોપનિષદના "ન કર્મણા ન પ્રજયા ધનેન ત્યાગેનૈકે અમૃતત્ત્વમાનશુઃ" ના નિહિત અર્થને પૂરો સમજી શક્યો છે. તેને આત્મસુખથી પર કોઈ સુખનું આકર્ષણ રહેતું નથી અને અગતિક ઉપરછલ્લા સુખોને તે લાત મારીને ફગાવી દે છે. યાજ્ઞવલ્કયે પણ મૈત્રેયીને કહ્યું, "અમૃતત્વસ્ય નાશાસ્તિ વિત્તેન ઈતિ" દુન્યવી સમૃદ્ધિથી અમૃતત્ત્વની આશા કદાપિ કરવી નહીં. તપોવનજી મહારાજે પૂરી યુવાન અવસ્થામાં આ સત્યો સંપૂર્ણતઃ સમજી લીધા હતા અને શાસ્ત્રચીંધ્યા નિવૃત્તિમાર્ગે પ્રયાણ કર્યું હતું.

શ્રી તપોવન મહારાજ ખરેખર તપના વન સમાન છે. પરંતુ આ જેમ તેમ ઉગેલું જંગલ નથી. પરંતુ વેદાંતના સત્યોના પુષ્પોથી મહેકતું તથા સીધા અનુભવના ફળો ધરાવતું જાણે કે ઉપવન છે. કેટલાક વર્ષો પહેલા તેમણે ઉત્તરકાશીમાં ૪૧ દિવસ ઉગ્ર અનુષ્ઠાન કર્યું હતું અને તે સમયે આત્મસ્ફુરવાથી "શ્રી સૌમ્ય કાશીશ સ્તોત્રમ્"ની રચના કરી હતી. વેદાંત દર્શનના અપરોક્ષ અનુભવની સાથે તેમનામાં પરાભક્તિનો સુલભ સમન્વય જોવા મળે છે. તેઓ જ્ઞાની ભક્ત છે અને ભક્તિ તથા જ્ઞાનમાં કોઈ ભીન્નતા જોતા નથી. "સૌમ્ય કાશીશ સ્તોત્રમ્" તથા "શ્રી બદ્રીશ સ્તોત્રમ્" જેવી રચનાઓ આની સાક્ષી પૂરે છે.

ॐ

જ્યારે તેમણે ઋષિકેશમાં આનંદ કુટિરની મુલાકાત લીધી ત્યારે વિશ્વનાથ તથા મુરલી મનોહરની ભક્તિભાવપૂર્વક થતી પૂજા જોઈને તેઓ ભાવવિભોર બની ગયા હતા. વૈદિક મંત્રો અને વેતોક્ત પુષ્પાંજલિનું શ્રવણ કરી તેમની પ્રસન્નતાનો પાર ન રહ્યો અને મંદિરની પ્રદક્ષિણા કરતાં કરતાં તેમનું તેજસ્વી મુખ આનંદપૂર્ણ સ્મિતથી પરિપૂર્ણ બન્યું. મંદિરમાં તે સમયે પૂજા કરતા બ્રહ્મચારી પાસે તેમણે તેની પૂજા પદ્ધતિની દિલથી પ્રશંસા કરી. જે પણ સાધક તેમની પાસે જાય તેમને કંઈને કંઈ આધ્યાત્મિક પ્રાપ્તિ થયા વિના રહેતી નથી.

આત્મ સાક્ષાત્કારની પ્રાપ્તિની તુલનામાં ઈન્દ્ર કે બ્રહ્માના પદ પણ તુચ્છ છે. એવું કહેવાય છે કે લક્ષ્ય સિંહનું રાખીને ચૂકી જવાય તો વાંધો નહીં પરંતુ શિયાળ મારવો નહીં! પરંતુ આ ત્યાગી મહાત્માનું લક્ષ્ય સિંહ નથી, તેથી પણ વિશેષ તેઓ તો ખરા અર્થમાં વેદાંત કેસરી છે, જે હિમાલયના ઉચ્ચ, પવિત્ર, નિર્જન પ્રદેશોમાં મુક્ત વિહાર કરી રહ્યા છે.

તેમની આત્મકથા ''ઈશ્વર દર્શન'' સાધકોને એકાંગી, શિથિલ, શુષ્ક વેદાંતના ભયસ્થાનમાંથી બચાવી લેશે અને સમગ્ર સંન્યાસી વર્ગ તથા સાધકો માટે દીવાદાંડીનું કામ કરશે. જેવી રીતે હિમાલય તેની હિમ નદીઓમાંથી સૌની જીવનદાત્રી મા ગંગાને વહાવે છે તેમ શ્રી તપોવનજીએ તેમના જીવનના અમૂલ્ય દાખલારૂપ અનુભવોને આ આત્મકથામાં વહેતા મૂક્યા છે. સૌ સાધકોને આ અનુભવોનું પાન દિવ્ય જીવન તથા બ્રહ્મ ચૈતન્ય તરફ દોરી જશે. માનવજીવનની સર્વોચ્ચ પ્રાપ્તિનું રહસ્ય તેમના જીવનકથન દ્વારા ઉપલબ્ધ કરાવનાર સ્વામી તપોવનજીનો જય જયકાર હો!

સંપૂર્ણ

અનુવાદક : વિમલ વ. દવે

## પ્રબોધિની એકાદશીએ ઊજવાયો તુલસીવિવાહનો મંગલ ઉત્સવ

પ્રબોધિની એકાદશી-દેવઊઠી એકાદશીનું આપણે ત્યાં અનેરું મહત્ત્વ છે, કારણ કે ચાતુર્માસ પૂરા થાય એટલે લગ્ન જેવા શુભ કાર્યોની શરૂઆત આ દિવસથી થાય. એમાં પણ ભગવાનના પોતાના વિવાહ સાથે આવાં કાર્યોનો આરંભ થાય એનાથી વધુ શુભ શરૂઆત બીજી કઈ હોઈ શકે! આપણા પરમધામમાં ભગવાન વિષ્ણુ અને તુલસીમાતાના મંગલ પરિણયનો ઉત્સવ ખૂબ ભાવભક્તિથી ઊજવાયો.

૧૮મી નવેમ્બરે ભગવાન વિષ્ણુ અને વૃંદાદેવી (તુલસી માતાનું એક નામ)ના શુભ વિવાહ નિમિત્તે સંગીતસંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરથમ ગણેશ બેસાડો, રૂડો માંડવડો રોપાવો, પરણાવોને કાનજી, કંકુ છાંટી કંકોતરી મોકલી, કાલે પરણાવીશ ગોપીકુંવરને - એમ માંડવા મુહૂર્તથી માંડીને જાનપ્રસ્થાન સુધીના વિવિધ દૈવી લગ્નગીતોથી લોકોએ ગોપીકુંવર અને તુલસીમાતાને રીઝવ્યા. સંગીતસંધ્યામાં લગ્નગીતો, રાસગરબા અને ભારતીય શાસ્ત્રીય નૃત્ય પણ એટલો સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા કે ભગવાન પણ તે જોઈને રીઝી ગયા હોય એમ લાગ્યું. મોટી સંખ્યામાં હાજર રહેલા લોકોએ આ દિવ્ય સંગીતસંધ્યાનો અનેરો લ્હાવો લીધો.

૧૯મી નવેમ્બરે પ્રબોધિની એકાદશીના પવિત્ર દિવસે ગોધૂલિ સમયે ચિન્મય સ્વાસ્થ્ય કેન્દ્રથી ઢોલનગારાં સાથે વાજતેગાજતે ભગવાનનો વરઘોડો નીકળ્યો. ભગવાન વિઠ્ઠલવર સુંદર સજાવેલી પાલખીમાં પરણવા નીકળ્યા. જાનૈયાઓ સુંદર વસ્ત્રોમાં સજીધજીને જાનમાં જોડાયા અને નાચતાં-ગાતાં લગ્નસ્થળે - મંદિરમાં પહોંચ્યા, એ સાથે કન્યા પક્ષની કુમારિકાઓએ અને કન્યાપક્ષે મંગલ કળશથી વરરાજા અને જાનનું સ્વાગત કર્યું. સાસુમાએ વરરાજાને પોંખ્યા અને તે પછી વૈદિક મંત્રોચ્ચાર

ॐ

સાથે મંદિરમાં શરૂ થઈ અલૌકિક લગ્નવિધિ. અઢી કલાકની લગ્નવિધિમાં વર અને વધૂ પક્ષના યજમાનોએ ભગવાન વિષ્ણુ અને તુલસીમાતાની પૂજા કરી. તે પછી કન્યાદાન, હસ્તમેળાપ, મંગલફેરા, વરવધૂને કંસાર જમાડવાની અને આરતીની વિધિ ખૂબ ભક્તિ સાથે કૃતજ્ઞતાપૂર્વક કરવામાં આવી. નવદંપતીના આશીર્વાદ લઈને લોકોએ પ્રીતિભોજનનો લ્હાવો લીધો. બે દિવસના આ અનેરા લગ્નોત્સવને ૩૦૦ જેટલા લોકોએ ખૂબ માણ્યો અને સૌના ચહેરા આનંદઉત્સાહથી છલકાતા હતા કારણ કે આ કોઈ સાંસારિક પ્રસંગ નહોતો, આ હતો જગતના પાલનકર્તા ભગવાનનો દિવ્ય લગ્નોત્સવ.

## સુરેન્દ્રનગર અહેવાલ

સ્વામિની પ્રમિતાનંદાના સાનિધ્યમાં ચિન્મય સંસ્કૃતિ, સુરેન્દ્રનગરમાં શ્રીપારસેશ્વર મહાદેવમાં ધનતેરસની લક્ષ્મીપૂજા કરવામાં આવી. બેસતા વર્ષના દિવસે પારસેશ્વર મહાદેવનો અન્નકૂટ ભરવામાં આવ્યો. તે નિમિત્તે સંપૂર્ણ ગીતા પારાયણ, વિષ્ણુ સહસ્રનામ પાઠ અને મહાપ્રસાદનો લાભ લગભગ ૩૦૦ ભક્તજનોએ લીધો. ત્યારબાદ તા. ૧૨-૧૧-૨૦૧૮ થી શ્રીમદ્ભાગવત કથા આશ્રમના પરિસરમાં સ્વામિની પ્રમિતાનંદાએ કરી. તા. ૨૦ થી ૨૭ નર્મદાકાંઠે જ્ઞાનયજ્ઞ યોજવામાં આવ્યો. જેમાં સુંદરકાંડ પર પ્રવચનનો લાભ અનેક સાધકોએ લીધો અને સવારે ધ્યાનના વર્ગ થયા.

- ગીતા મહેતા

# ચિન્મય મિશનને ઈન્ટરનેશનલ શાંતિ એવોર્ડ

૨૪ નવેમ્બર ૨૦૧૮ની સુંદર સાંજે વિજ્ઞાન ભવન, દિલ્હી ખાતે ડૉ. નાગેન્દ્ર સિંઘ ઈન્ટરનેશનલ શાંતિ એવોર્ડ ચિન્મય મિશનને પ્રદાન કરાયો. આપણા ઉપરાષ્ટ્રપતિ શ્રીમાન વૈંક્યા નાયડુના સ્વહસ્તે, ચિન્મય મિશન વતિ સ્વામી પ્રકર્ષાનંદ સરસ્વતીજી અને દિલ્હી ચિન્મય મિશનના સભ્યોએ ગ્રહણ કર્યો.

**એવોર્ડ સમારંભમાં માનનિય ઉપરાષ્ટ્રપતિના ઉદ્‌બોધનના કેટલાક અંશ :**

ચિન્મય મિશન એક વિશિષ્ટ અને વિરલ સંસ્થાન છે. ડૉ. નાગેન્દ્ર સિંઘ ઈન્ટરનેશનલ શાંતિ એવોર્ડ પ્રદાન કરતાં મને અનહદ આનંદ થાય છે. પાછલા વર્ષોમાં આ એવોર્ડ જસ્ટીસ દલબીર સિંઘ અને શ્રી શ્રી રવિશંકરને પ્રદાન કરવામાં આવેલ છે. આ એવોર્ડ ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મના ક્ષેત્રે ચિન્મય મિશનની પ્રોત્સાહક અને સમર્પિત સેવાઓ માટે પ્રદાન કરવામાં આવે છે. પરંતુ અગત્યનું એ છે કે સ્વામી ચિન્મયાનંદ સરસ્વતી જેવા મહાન તપસ્વી સંત માટે આપણે તેમના કંડારેલા માર્ગને અનુસરીએ તે મહત્ત્વનું છે. ચિન્મય મિશનના મૂળભૂત આદર્શ ‘‘મહત્તમ આનંદ, મહત્તમ લોકો માટે મહત્તમ સમય માટે’’ની નિતાંત ગંભીરતાથી પ્રશંસા કરીએ એટલી ઓછી છે.

આધ્યાત્મિક જાગૃતતા, શિક્ષણ, પર્યાવરણ, સંસ્કૃતિ, ગ્રામિણ વિકાસ અને યુથાશક્તિ જેવા ક્ષેત્રમાં ભારત અને વિદેશમાં ચિન્મય મિશન સતત પ્રવૃત્ત છે.

॥ હરિ ૐ તત્સત્ ॥

સંકલન : ગીતા મહેતા

ચિન્મય મિશન અમદાવાદ દ્વારા આયોજીત


# ધ સાયન્સ ઓફ લવ

(ભગવદ્‌ગીતાના ભક્તિ યોગ પર આધારિત જ્ઞાનયજ્ઞ)

## ચિન્મય મિશનના વિશ્વપ્રમુખ
## પૂજ્ય સ્વામી સ્વરૂપાનંદજી અમદાવાદમાં...


## તા. ૧ થી ૫ ફેબ્રુઆરી

**ગુજરાત યુનિવર્સીટીના**
**સેનેટ હોલ ખાતે**
**સ્વામીજીના પ્રવચનો**
**સાંજે ૭-૦૦ થી ૮-૩૦ યોજાશે.**



**પ્રવેશ મફત!**

# ગુરુકૃપાની હોમડિલીવરી



**સ્વામી સ્વરૂપાનંદજી અમદાવાદમાં**

(ફેબ્રુઆરી ૨ થી ૫, ૨૦૧૯)

સવારે ૭-૩૦ થી ૮-૩૦ : ધ્યાન વર્ગો

(ફેબ્રુઆરી ૧ થી ૫, ૨૦૧૯)

સાંજે ૭-૦૦ થી ૮-૩૦ : હનુમાન ચાલિસા પર આધારિત જ્ઞાનયજ્ઞ

---

કાર્યક્રમોની વધુ માહિતી માટે સોશિયલ મિડિયા પર જોડાઓ.

**પરમધામ સાથે જોડાઓ હવે સોશિયલ મિડિયા પર!**

હરિ ૐ। ચિન્મય મિશન અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓ વિષે માહિતિ મેળવવા માટે સોશિયલ મિડિયાનાં વિવિધ માધ્યમોની ખાસ નોંધ લેશો.

**ફેસબુક** પર "cmahmedabad" શોધીને "Chinmaya Mission Ahmedabad" પેજને લાઈક કરો.

**ઈન્સ્ટાગ્રામ** પર "cmahmedabad" શોધીને "Chinmaya Mission Ahmedabad" પેજને ફોલો કરો.

**ટ્વીટર** પર "cmahmedabad" શોધીને "Chinmaya Mission Ahmedabad" પેજને ફોલો કરો.

704 355 8353 આ નંબર તમારા ફોન પર સેવ કરી તમારું નામ વોટ્સેપ મેસેજથી અમને મોકલી આપો.

ahmedabad.chinmayamission.com પર લોગ ઈન કરી પરમધામના ગત તથા આગામી કાર્યક્રમો વિષે વધુ માહિતી.

# શ્રદ્ધાંજલી



શ્રી શાન્તિલાલ શાહ, આપણા વ્હાલા શાન્તિદાદા એ ચિન્મય મિશનના ચિન્મય સેવા ટ્રસ્ટ અમદાવાદના સમર્પિત ટ્રસ્ટી તરીકે લગભગ બે દાયકાથી સેવા આપતા હતા. તેઓશ્રીએ પોતાના વતન બાંસવાડા, રાજસ્થાન અને અન્ય જગ્યાઓ જેવી કે ઉદયપુર, ડુંગરપુર વગેરે એ ઘણા જ્ઞાનયજ્ઞોનું આયોજન કર્યું હતું.

તેમના પત્ની શ્રીમતી કલાબેને પણ હંમેશા તેમને સતત સેવા કરવા ઉત્સાહિત કર્યા છે અને સાથ આપ્યો છે.

આપણા સૌના વ્હાલા શાંતિદાદા ૨૭ નવેમ્બરના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેમની સદ્‌ગતિ માટે પ્રભુને પ્રાર્થના.

બધે જ ગુણની પૂજા થાય છે, સંપત્તિની નહીં. પૂનમના ચંદ્ર કરતાં બીજનો ક્ષીણ ચંદ્ર જ વંદનીય ગણાય છે.

– ચાણક્ય

બીજા કોઈ પણ સદ્‌ગુણ કરતાં બીજાની વાત શાંતિથી સાંભળવાનો સદ્‌ગુણ ઘણા થોડા માણસોમાં નજરે પડે છે.

– ડેલ કાર્નેગી

# ચિન્મય પ્રમાના વ્હાલા વાચકો જોગ



"ચિન્મય પ્રમા" માસિકની પ્રકાશન યાત્રાને બાર વર્ષ પૂરા થયા. ચિન્મય પ્રમા તે પહેલા માસિક "પ્રમા" તરીકે નિયમિત પ્રસિદ્ધ થતું હતું. આ યાત્રા દરમ્યાન દર મહિને આપણે પૂજ્ય ચિન્મયાનંદજી, ગુરુજી તેજોમયાનંદજી, સ્વામી સ્વરૂપાનંદજીની વાણી આપણી ભાષામાં માણી અને કંઈક જીવનમાં ઉતાર્યું. વેદાંત અને ગીતાના સથવારે ચિન્મય પ્રમામાં જ્ઞાનસભર લેખો, ટીકાઓ, ભાવાનુવાદો ઉપરાંત પરમધામના કાર્યક્રમોની માહિતી, વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલ પ્રસિદ્ધ કર્યા. દરેક સબસ્ક્રાઈબર સુધી ચિન્મય પ્રમાની કોપી નિયમિત દર મહિને પહોંચે તેવો અમારો પ્રયત્ન રહ્યો. અમને એ જણાવતા આનંદ થાય છે કે આજીવન સભ્યોને પંદર વર્ષ સુધી પ્રમા પહોંચાડવાની પ્રતિબદ્ધતાનું અમે મોટાભાગના કેસમાં પાલન કર્યું છે. ખરું કહીએ તો આજીવન સભ્યોને પંદરથી ઘણા વધારે વર્ષો અમે આ જ્ઞાનભાથુ "ચિન્મય પ્રમા" સ્વરૂપે પહોંચાડ્યું છે. મોટાભાગના આજીવન સભ્યોનું પંદર વર્ષનું તથા અભિદાતાઓનું લવાજમ પૂર્ણ થઈ ગયું હોવાથી "ચિન્મય પ્રમા"નું પ્રકાશન અમે વર્ષ ૨૦૧૯થી બંધ કરીશું. ડિસેમ્બર ૨૦૧૮માં ચિન્મય પ્રમાનો છેલ્લો અંક પ્રસિદ્ધ થશે. અમને આશા છે કે પૂજ્ય ગુરુદેવ ચિન્મયાનંદજીના આશિર્વાદ અને પ્રેરણાથી અમે કંઈક નવી વસ્તુ સાથે ફરી આવીશું અને તમારી સાથેના આ આત્મીય અનુસંધાનને આગળ લઈ જઈશું.

॥ ૐ ચિન્મય સદ્ગુરુવે નમઃ ॥

# ચિન્મય વાણી

ચિન્મય વાણી એ ચિન્મય મિશનનો અવાજ છે, જે મિશનનો સંદેશ આપ સૌ સુધી આ વાણી દ્વારા જ પહોંચે છે.

- અહીં બાળકો માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી પુસ્તકો રંગબેરંગી ચિત્રો સાથે અને વિશેષમાં બાળકો માટે ખાસ Train the Brain પુસ્તક, જેનું નામ જ તેની મહત્તા દર્શાવે છે.
- આજનો યુવાન આપણી આવતી કાલ છે, જેને ઉચ્ચ સંસ્કાર આપી યોગ્ય માર્ગે વાળવા માટેના અનેક પુસ્તકો અને સીડી, ડીવીડીનો ખજાનો છે.
- વયસ્કો માટે દરેકના અને શોખને માટેના વિવિધ વિષયો ઉપર પુસ્તકોની હારમાળા છે.
- દરેક જિજ્ઞાસુની જિજ્ઞાસા સંતોષવા માટે પ્રકરણ ગ્રંથ, ઉપનિષદ્ અને ભગવદ્ગીતા ઉપર ગુરુદેવથી શરુ કરી અનેક સ્વામીજીની ટીકા ઉપલબ્ધ છે જેમાં આપણા સૌના મનના પ્રશ્નોનો યોગ્ય ઉકેલ છે.
- સીડી અને ડીવીડીમાં ગુરુદેવના પ્રવચનો, બ્ર૰ અથર્વણજીએ ગુજરાતીમાં કરેલા ગીતાજી ઉપર અઢાર અધ્યાયના પ્રવચનો, ઉપનિષદ ગંગા સિરીયલની સીડી, ગુરુદેવ ઉપર બનેલી ફિલ્મ On a Quest ની ડીવીડી, સ્વરાંજલીના ભજનો, ઉપરાંત અન્ય ભજન, શિવ આરાધના, આપણી વૈદિક આરતી, અનેક સ્તોત્ર સીડીના સ્વરૂપે ઉપલબ્ધ છે.
- આપણે અનેક પ્રસંગો ઉપર ભેટ આપીએ છીએ. તો દરેક પ્રસંગને અનુરૂપ ભેટ પુસ્તક રૂપે કે સિગ્નેચર ૐના પેંડન્ટ, ડાયરી, લેમ્પ, આકર્ષક ટેબલ કેલેન્ડર, વિવિધ સાઈઝના અનેક પાઉચ, સિગ્નેચર પેન, જેવી વિવિધ વસ્તુઓના સ્વરૂપે ઉપલબ્ધ છે.
- રુદ્રાક્ષની અનેક જપમાળા પણ મળે છે.

**સમય :** સવારે ૧૧ વાગ્યા થી સાંજે ૫ વાગ્યા સુધી, ફક્ત બુધવારે માફ કરશો, નહીં મળી શકાય.

હવે ચિન્મય વાણી પણ નવા રૂપરંગ ધારણ કરી નવી, વિશાળ જગ્યાએ ગોઠવાયું છે. આ નવા સ્ટોલમાં મુલાકાત લેવા આપ સૌને ભાવભર્યું નિમંત્રણ છે, જરૂર પધારો.

## સ્વામી તેજોમયાનંદજી - પ્રવાસ કાર્યક્રમ, વર્ષ ૨૦૧૮



| તારીખ | સ્થળ | ફોન નંબર |
|---|---|---|
| ડિસેમ્બર ૧૦-૧૨ | કોલવાન | (૯૧) ૯૦૧૧૦ ૦૪૫૪૨ |
| ડિસેમ્બર ૧૩-૨૧ | મુંબઈ | (૯૧-૨૨) ૨૮૫૭ ૮૬૪૭ |
| ડિસેમ્બર ૨૩-૩૧ | કોલવાન | (૯૧) ૯૦૧૧૦ ૦૪૫૪૨ |

## સ્વામી સ્વરૂપાનંદજી - પ્રવાસ કાર્યક્રમ, વર્ષ ૨૦૧૮



| તારીખ | સ્થળ | ફોન નંબર |
|---|---|---|
| ડિસેમ્બર ૧૧-૧૨ | કોલવાન | (૯૧) ૭૭૭૪૦ ૨૨૧૬૪ |
| ડિસેમ્બર ૧૩-૧૫ | મુંબઈ | (૯૧-૨૨) ૨૮૫૭ ૨૩૬૭ |
| ડિસેમ્બર ૧૬-૩૧ | કોઈમ્બતુર | (૯૧-૪૨૨) ૨૬૧ ૩૪૧૬ |

## સ્વામી વિમલાનંદજી - પ્રવાસ કાર્યક્રમ, વર્ષ ૨૦૧૮



| તારીખ | સ્થળ | ફોન નંબર |
|---|---|---|
| ડિસેમ્બર ૧૦-૧૯ | કોઈમ્બતુર | (૯૧-૪૨૨) ૨૬૧૫૪૪૬ |
| ડિસેમ્બર ૨૬-૩૧ | પુણે | (૯૧) ૯૦૧૧૦૦૪૫૫૦ |


ચિન્મય મિશન અમદાવાદનું આપને હાર્દિક આમંત્રણ
ગુરુ મહિમા
૨૬ થી ૩૦ માર્ચ ૨૦૧૯
શ્રીદક્ષિણામૂર્તિ સ્તોત્ર
પર
સ્વામી અવ્યયાનંદજી
સંચાલિત
નિવાસી આધ્યાત્મિક શિબિર
ચિન્મય ગાર્ડ્ન્સ, કોયમ્બતુર ખાતે
શિબિર વિશે વધુ માહિતિ મેળવવા અને રેજીસ્ટ્રે
સાધો:
+૯૧-૯૪૨૭૩૧૭૧૫૨
૦૭૯-૨૬૭૪૧૫૨૭
પરમધામ, ચિન્મય મિશન અમદાવાદ,
ઈસરોની સામે, જોધપુર ટેકરા,
અમદાવાદ ૩૮૦ ૦૧૫
cmahmedabad
ahmedabad.chinmayamission.com

## આગામી કાર્યક્રમો

| તારીખ | વાર | વિગત | સમય |
|---|---|---|---|
| ૧૫ થી ૧૭ ડિસે. | | જ્ઞાનયજ્ઞ, "જાણો અને જીવો" | |
| સ્થળ : સેટેલાઈટ એપાર્ટમેન્ટ. સાજે ૭-૩૦ થી ૮-૪૫ | | | |
| ૧૮-૧૨-૧૮ | મંગળવાર | મોક્ષદા એકાદશી, ગીતા/તપોવન જયંતી | |
| ગીતાજી/તપોવનજી જયંતી | | | સવારે ૬-૩૦ થી ૮-૦૦ |
| સંપૂર્ણ ગીતા પારાયણ | | | બપોરે ૩-૩૦ થી ૬-૦૦ |
| ૨૦-૧૨-૧૮ | ગુરુવાર | પ્રદોષ, પ્રદોષ પૂજા | સાંજે ૪-૦૦ થી ૬-૦૦ |
| ૨૨-૧૨-૧૮ | શનિવાર | પૂનમ | |
| ૦૧-૦૧-૧૯ | મંગળવાર | સફલા એકાદશી | |
| ૦૩-૦૧-૧૯ | ગુરુવાર | પ્રદોષ | |
| ૦૫-૦૧-૧૯ | શનિવાર | અમાવસ્યા | |
| ૧૪-૦૧-૧૯ | સોમવાર | મકર સંક્રાંતિ, ગાયત્રી હવન | સવારે ૬-૩૦ થી ૭-૩૦ |

### પરમધામ પાટોત્સવ

| | | | |
|---|---|---|---|
| ૧૬-૦૧-૧૯ | બુધવાર | પરમધામ પાટોત્સવ | |
| | ● સંપૂર્ણ ગીતા પારાયણ | | બપોરે ૩-૩૦ થી સાંજે ૬-૦૦ |
| ૧૭-૦૧-૧૯ | ગુરુવાર | પરમધામ પાટોત્સવ / પુત્રદા એકાદશી | |
| | ● પ્રભાત ફેરી | | સવારે ૬-૧૫ થી ૮-૦૦ |
| | ● આનંદ મેળો | | સાંજે ૫-૩૦ થી રાત્રે ૯-૩૦ |
| ૧૮-૦૧-૧૯ | પરમધામ પ્રાણપ્રતિષ્ઠા / પ્રદોષ | | |
| | ● ચિન્મય અષ્ટોતર હવન | | સવારે ૬-૩૦ થી ૭-૦૦ |
| | ● ગુરુ પાદુકા પૂજા, ધ્વજ પૂજા, ધ્વજારોહણ | | સવારે ૭ થી ૮-૧૫ |
| | ● પ્રદોષ પૂજા | | સાંજે ૪-૦૦ થી ૬-૦૦ |
| | ● સત્સંગ | | સાંજે ૬-૩૦ થી ૮-૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૧-૦૧-૧૯ | રવિવાર | પૂનમ | |
| ૨૬-૦૧-૧૯ | શનિવાર | પ્રજાસત્તાક દિવસ | |
| | | ગાયત્રી મહાયજ્ઞ | સવારે ૬-૩૦ થી ૧૦-૩૦ |
| | | ધ્વજ વંદન | સવારે ૮-૦૦ વાગે |
| ૩૧-૦૧-૧૯ | ગુરુવાર | ષટ્તિલા એકાદશી | |

**વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાવવા તથા પૂજામાં યજમાન થવા માટે સંપર્ક કરો :**
**ઓફીસ - ૦૭૯ ૨૬૭૪૧૫૨૭ (સવારે ૧૧ થી સાંજે ૭)**
**જયશ્રીબેન શુક્લ : ૯૪૨૭૩ ૧૭૧૫૨**
**પ્રદોષ પૂજા માટે સંપર્ક : ભારતીબેન - ૯૭૧૨૫ ૭૪૭૦૫**